પરિપત્ર / ઇમેલ

ક્રમાંક : ઘ/માધ્ય/અ-૨/૨૦૨૧-૨૨/ 21517-53
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧, ડૉ. જી.મ.ભવન,
ગુ.રા., ગાંધીનગર , તા.15 /૧૨/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : સને : ૨૦૨૧-૨૨ના વર્ષ માટે બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા.શાળાઓના વર્ગઘટાડાની કાર્યવાહી કરવા બાબત.

સંદર્ભ : (૧) આ કચેરીના પત્ર ક્રમાંક : ઘ/માધ્ય/અ-૨/૨૦૨૧-૨૨/૧૭૭૨૫-૫૯,તા.૨૧/૧૦/૨૦૨૧
(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : ઉમશ-૧૧૦૬-૨૧૩૮-ગ.૧, તા.૦૮/૧૨/૨૦૨૧

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, આપના જિલ્લા હસ્તકની બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં વર્ષ:૨૦૨૧-૨૨ માટે વર્ગઘટાડા સ્થગિત રાખવા માટે ઉકત સંદર્ભ પત્ર-૧ થી આપને જણાવવામાં આવેલ.

ત્યારબાદ શિક્ષણ વિભાગના તા.૦૮/૧૨/૨૦૨૧નો ઠરાવ સદર કચેરી ધ્વારા આપને તા.૧૫/૧૨/૨૦૨૧ના રોજ ઇમેલથી જાણ કરવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના તા.૦૮/૧૨/૨૦૨૧ના ઠરાવની શરત નં.૨ નીચે મુજબ છે.

- અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધો-૯ થી ૧૨ના પ્રથમ વર્ગ માટે શહેરી વિસ્તારમાં ૩૬ વિધાર્થી સંખ્યા નિયત થયેલી છે, તેના બદલે સુધારેલ વિધાર્થી સંખ્યા ૨૫ જાળવવાની રહેશે અને ગ્રામ્ય વિસ્તાર માટે ૨૪ વિધાર્થી સંખ્યા નિયત થયેલ છે, તેના બદલે સુધારેલ વિધાર્થી સંખ્યા ૧૮ જાળવવાની રહેશે. એક કરતાં વધારે વર્ગો માટે શહેરી વિસ્તારમાં ૬૦+૩૬ ના બદલે ૪૨+૨૫ અને ગ્રામ્ય વિસ્તાર માટે ૬૦+૨૪ ના બદલે ૪૨+૧૮ ની વિધાર્થી સંખ્યા જાળવવાની રહેશે.

શરત નં. ૩ નીચે મુજબ છે.

- શહેરી વિસ્તાર માટે ૨૫ અને ગ્રામ્ય વિસ્તાર માટે ૧૮ વિધાર્થી સંખ્યા ન જળવાતી હોય તેવી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગઘટાડા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

ઉપરોકત વિગતે આપના જિલ્લા હસ્તકની શહેરી વિસ્તારની શાળાઓ માટે ૨૫ અને ગ્રામ્ય વિસ્તારની શાળાઓ માટે ૧૮ વિધાર્થી સંખ્યા ન જળવાતી હોય તો આપની કક્ષાએથી વર્ગઘટાડા અંગેની કાર્યવાહી તાત્કાલીક પૂર્ણ કરવાની રહેશે.

નોંધ પર માન. નિયામકશ્રીના આદેશ અનુસાર

(એસ.એન.ચાવડા)
સંયુકત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા., ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ

- સંયુકત શિક્ષણ નિયામકશ્રી (૧૦+૨) સદર કચેરી.
- સંયુકત નિયામકશ્રી (હિસાબ) સદર કચેરી
- નાયબ શિક્ષણ નિયામકશ્રી (મહેકમ) , સદર કચેરી.